| GJBK010006942026 | સત્યમેવ જયતે | દાખલ તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | રજીસ્ટર્ડ તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૧૦ |

---

**પાલનપુરના મહે. ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**
**ક્રિ.પર.અ.નં. ૨૧૨/૨૦૨૬**

---

**આંક.**

મોહમ્મદનવાઝ અમાનુલ્લા મોગરલ
ઉ.વ.આ. ૩૪, ધંધો. વેપાર,
રહે. ચેમ્બારીકકાકલ્લમવલપ્પુ,
પો. ચંન્દ્રગીરી કાલનાડ, તા. જિ. કાસરગોડ.
રાજ્ય કેરળ. **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર
જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી ડી. જી. વૈષ્ણવ.
શ્રી સરકાર તરફે એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત.

---

**:- ચૂકા દો -:**

(૧) આ કેસમાં અરજદારે અમીરગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૫૦૦૩૨૪૦૮૮૯/૨૦૨૪, એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨), ૨૯ મુજબના ગુનાઓના કામે ત.ક.અ. શ્રી ધ્વારા

મુદ્દામાલ એપ્પલ કંપનીનો ૧૪–કે મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ છે તે પરત મેળવવા માટે બી. એન. એસ. એસ. કલમ ૪૯૭ અન્વયે હાલની આ અરજી રજૂ કરેલ છે.

૨. અરજદારે તેની અરજીમાં જણાવેલ છે કે, અરજદારે તેની માલિકોનો એપ્પલ કંપનીનો ૧૪–કે મોબાઈલ ફોન ખરીદ કરેલો અને તે તેના કામ કાજ અર્થે વાપરતા હતા. આ કામે અમીરગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૫૦૦૩૨૪૦૮૮૯/૨૦૨૪, એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨), ૨૯ મુજબનો ગુનો નોંધાયેલ જે ગુનાની તપાસ દરમ્યાન ત.ક.અ.શ્રી સદરહું ગુનાના અરજદાર/આરોપી પાસેથી મુદ્દામાલ મોબાઈલ કબજે કરેલો અને હાલ તે પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, જો તેમનો મોબાઈલ પરત સોંપવામાં ન આવે તો તેઓને નુકસાન થાય તેમ છે અને પુરતી સાચવણીના અભાવે પોલીસ સ્ટેશનમાં વધુ સમય રહે તો તેઓને મોબાઈલ વગર અગવડો ભોગવવી પડે તેમ છે અને મોટુ આર્થિક નુકસાન જાય તેમ છે. તેમના સંબંધીઓના નંબરો પણ તેમના ફોનમાં સ્ટોર કરેલ હોવાથી તેની સાથે વાતચીત કરવામાં તથા સંપર્ક કરવામાં પણ તેમને તકલીફ પડે છે. અદાલત તેમને તે મોબાલઈ પરત સોંપતી વખતે જે શરતો ફરમાવશે તે શરતોનું તેઓ પાલન કરવા તૈયાર છે તેમ જણાવી પોલીસે ઉપરોકત ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ તેમને વચગાળાની કસ્ટડી તરીકે સોંપવા માટે અરજ કરેલ છે.

૩. તેમની ઉપરોકત અરજીના અનુસંધાને સરકારશ્રીને નોટીસ કરતાં, શ્રી સરકાર તરફે એડી.પી.પી.શ્રી ડી. કે. પુરોહિત આંક. ૪ ની હાજર પુરસીસ રજૂ કરેલ છે. જયારે મોબાઈલ પરત નહીં સોંપવા માટેનો સ્પષ્ટ અભિપ્રાય પોલીસ ઈન્સ્પેકટરશ્રી બી. ડી. ગોહિલ નાઓએ પોતાના દવારા આંક. ૭ થી રજૂ કરેલ છે.

૪. અરજદારના વકીલશ્રીએ તેમની અરજી મુજબ રજૂઆત કરેલ છે અને મોબાઈલ અરજદારનો છે તે માટે આંક.૩ (માર્ક.૩/૨) થી મોબાઇલ ખરીદ કર્યાનું બીલ રજૂ કરેલ છે અને સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાત વાળા ચૂકાદા ઉપર આધાર રાખી તેમણે મોબાઈલ પરત કરવા માટે દલીલો કરેલ છે.

પ. શ્રી સરકાર તરફે એડી.પી.પી. ડી.કે.પુરોહીતે તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, અરજદારને જો મોબાઈલ પરત સોંપવામાં આવે તો, મોબાઈલમાં જે પુરાવો છે તેની સાથે ચેડાં થઈ શકે તેમ છે અને મોબાઈલની ટ્રાયલ દરમ્યાન જરૂરીયાત પડે તેમ હોવાથી તે રજૂ ન થાય તો કેસ લંબાઈ જાય તેમ છે અને મોબાઈલ જો યથાવત પરિસ્થિતિમાં અદાલત જયારે મંગાવે ત્યારે રજુ કરવામાં અરજદાર નિષ્ફળ જાય તો, ફરીયાદપક્ષને નુકસાન જાય તેમ છે તેમ જણાવી તેમણે અરજી મંજૂર કરવા સામે પોતાનો સખ્ત વંધો દર્શાવેલ છે અને અરજી નામંજુર કરવા ધારદાર દલીલો કરેલ છે. વધુમાં તેઓ તેમની દલીલોમાં જણાવેલ છે કે, આ કામે જે મુદ્દામાલ મોબાઇલ કબજે લેવામાં આવેલો છે તેમાં વોટસએપ ચેઈટ વિગેરે પણ થયેલ છે જે પુરાવાનું સ્ટેજ આવે ત્યારે તે હકીકતો ફરીરયાદપક્ષે રજૂ કરવી જરૂરી છે અને તે માટે હાલનો ફોન એ પ્રથમદર્શનીય પુરાવો છે તે જો તે પુરાવા સમયે રજૂ કરવામાં ન આવે તો ફરીયાદપક્ષને નુકસાન જાય તેમ છે તેથી તેમણે ફોન પરત કરવા સામે વાંધો દર્શાવેલો છે અને વધુમાં જણાવેલ છે કે, હજુ પુરાવો નોંધવાની પ્રક્રિયા બાકી છે તે સંજોગોમાં પણ તેમણે હાલની આ અરજી નામંજૂર કરવા માટે દલીલ કરેલ છે.

૬. આંક.૭ થી રજૂ થયેલ સોગંદનામાંથી પણ ત.ક.અ.શ્રીએ કેસનો મોબાઈલ પરત ન સોંપવા માટેનો પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

૭. બંનેની રજૂઆતો ધ્યાને લીધી. આ કામે મુદ્દામાલ મોબાઈલ અરજદારે પોતાનો હોવાનો અને તેમા પોતાના સગા–સંબંધીઓના નંબરો હોવાનું તેમજ પોલીસ સ્ટેશનમાં બીન વપરાશ લાંબા સમય સુધી પડી રહે તો, મુદ્દામાલ મોબાઈલ ઈલેકટ્રોનીક સાધન હોવાથી તે બગડી જાય તેમ છે તે જે હકીકત અરજદારે જણાવેલ છે તે હકીકત પ્રથમદર્શનીય માનવાને પાત્ર રહે છે પરંતુ આ કામે શ્રી સરકાર તરફે એડી.પી.પી.શ્રી ડી. કે. પુરોહિતે જે દલીલો કરેલ છે તે દલીલો ધ્યાને લેવી પણ યોગ્ય જણાય છે. આ કામે જો યથાવત સ્થિતિમાં ફોન રજૂ કરવામાં ન આવે તો, ફરીયાદપક્ષને પણ તેનાથી નુકસાન થાય તેમ છે તે સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા જી.એલ.એચ. ૨૦૦૩(૧) પાના નં.૩૦૭ સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાતવાળા ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો અને માર્ગદર્શનને લક્ષમાં લેતાં સદરહુ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં વધુ સમય પડી રહે તો, તેની બેટરી ડાઉન થઈ જાય તથા બંધ થઈ જાય તેમજ તેમા સેવ કરેલ ડોકયુમેન્ટ અને નંબરો પણ ડીલીટ થઈ જાય જેથી તેઓ મોબાઈલ ઉપયોગ કરવા લાયક રહે નહીં જેથી અરજદારે સદરહુ અરજી કરી મુદ્દામાલ પરત મેળવવા અરજી કરેલ હોઈ સદરહુ અરજી સંબંધી વચગાળાની કસ્ટડી તરીકે મુદ્દામાલને તેનાં માલિકને પરત સોંપવાનું રહે છે. આ કામે જે મુદ્દામાલ મોબાઇલ કબજે લેવામાં આવેલો છે તેમાં વોટસએપ ચેઇટ વિગેરે પણ થયેલ છે જે પુરાવાનું સ્ટેજ આવે ત્યારે તે હકીકતો ફરીરયાદપક્ષે રજૂ કરવી જરૂરી છે અને તે માટે હાલનો ફોન એ પ્રથમદર્શનીય પુરાવો છે તેવી એડી. પી. પી. શ્રીની રજૂઆત છે પરંતુ મોબાઇલ ફોન એ એક ઇલેકટ્રીક પુરાવો છે અને તે પુરાવો એટલે કે, ફોનમાં રહેલ સમગ્ર ડેટાનું બેકઅપ લઇ તેને સેકન્ડ્રી એવીડન્સ તરીકે કોર્ટમાં રજૂ કરે અને ત્યારબાદ ચાલુ પુરાવા દરમ્યાન અરજદાર મુદામાલ મોબાઇલ ફોનમાં રહેલ પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ જાય તો તેને સેકન્ડ્રી પુરાવા તરીકે માન્ય રહેશે તેમાં તેને વાંધો નથી તેવી શરતનું પાલન કરવાની શરત તથા અન્યો શરતોને આધિન અરજદારની મુદ્દામાલ મોબાઈલ ફોન પરત મેળવવા માટેની આંક.૧ની અરજી ન્યાયના હિતમાં મંજૂર કરવાનું યોગ્ય જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની સદરહુ મુદ્દામાલ પરત મેળવવાની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

આ કામના અરજદારે અમીરગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૫૦ ૦૩૨૪૦૮૮૯/૨૦૨૪, એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨), ૨૯ મુજબના ગુનાઓના કામે ત.ક.અ.શ્રી ધ્વારા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ એપ્પલ કંપનીનો ૧૪-કે મોબાઈલ ફોન નીચેની શરતોને આધિન અરજદારે મુદ્દામાલ મોબાઈલની કિંમતનાં બમણી કિંમતનાં એટલે કે,રૂા.૫૯,૧૭૦/-(અંકે રૂપિયા એક ઓગંણ સાહીઠ હજાર એકસો સિત્તેર પુરાના) જામીન અને તેટલીજ રકમનાં જાતમુચરકા પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકૃત અધિકારી સમક્ષ રજૂ કર્યેથી વચગાળાની કસ્ટડીએ કામચલાઉ ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**::શરતો::**

૧. અરજદારે સ્વ ખર્ચે પોલીસ સ્ટેશનમાંથી પોલીસની હાજરીમાં માન્ય ઈલે.એન્જીનીચર પાસેથી ફોનમાં રહેલો ડેટા નાશ ન પામે તે રીતે સ્વ ખર્ચે પેન ડ્રાઈવમાં મેળવવો અને ડેટા સાથેની પેન ડ્રાઈવ સંબંધિત અદાલતમાં રજૂ કરવી.

૨. અરજદાર એક્ષપર્ટ ધ્વારા મોબાઈલ ડેટા નુકસાન ન થાય તે રીતે પેન ડ્રાઈવમાં લે ત્યારે તે સમગ્ર કાર્યવાહીનું ભારતીય પુરાવા ધારાની કલમ ૬૫(બી)/ બી. એન. એસ. એસ. ની કલમ ૬૩(બી) મુજબનું સર્ટિ. તૈયાર કરાવી સંબંધિત અદાલતમાં રજુ કરવો.

૩. અરજદારે માન્ય ઈલે. એન્જીનીચરને ડેટા મેળવવા માટે તથા ભારતીય પુરાવા ધારાની કલમ ૬૫(બી)/ બી. એન. એસ. એસ. ની કલમ ૬૩(બી) નું સર્ટિફિકેટ મેળવવા માટે જે ફી થાય તે ફી પોતે ચુકવવી.

૪. ઈલે.એન્જીનીયરે મોબાઈલ ફોનનો ડેટા પેન ડ્રાઈવમાં પોલીસની હાજીરમાં ટ્રાન્સફર કરવો.

૫. અરજદારે કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મુદ્દામાલ મોબાઈલને નુકસાન ન થાય તે રીતે તેને સાચવી રાખવો.

૬. અરજદારે મુદ્દામાલ મોબાઈલનો ડેટા નાશ ન પામે તે રીતે તેનો ઉપયોગ કરવો અને મોબાઈલ યોગ્ય પરિસ્થિતિમાં છે અને તેનો કોઈ ડેટા નાશ પામેલ નથી કે, કોઈને મોબાઈલ વેચેલ નથી તે બાબતનું સોગંદનામું કરવું.

૭. અરજદારે ફોનમાં રહેલ સમગ્ર ડેટાનું બેકઅપ લઈ તેને સેકન્ડ્રી એવીડન્સ તરીકે કોર્ટમાં રજૂ કરવું અને ચાલુ પુરાવા દરમ્યાન અરજદાર મુદામાલ મોબાઈલ ફોનમાં રહેલ પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ જાય તો ઉપરોકત જણાવ્યા મુજબ અરજદારે સમગ્ર ફોનમાં રહેલ ડેટાનું જે બેકઅપ મેળવેલ છે તે ડેટા સેકન્ડ્રી એવીડન્સ તરીકે તેને માન્ય રહેશે તે બાબતનું સોગંદનામું કરવું.

૮. અરજદારે આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી, મુદ્દામાલ મોબાઈલ ફોન કોઈને માલિકી હકક કે કોઈપણ રીતે તબદીલ કરવો નહીં.

૯. અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન કોઈ ગુનાહિત કે ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં વાપરવો નહીં.

૧૦. અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન ના દેખાવમાં કાયમી ફેરફાર થાય કે તેનો ડેટા નાશ પામે તેવું કોઈ કૃત્ય કરવું–કરાવવું નહીં.

૧૧. અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન ના ચારેય બાજુથી પોષ્ટ કાર્ડ સાઈઝના ફોટોગ્રાફસ રજૂ કરવા.

૧૨. અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન આ અદાલત તથા પોલીસ અધિકારી જ્યારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં રજૂ કરવાનો રહેશે.

૧૩. અરજદારે જામીન તથા બોન્ડ સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા.

૧૪. સદર મોબાઈલ ફોન પરત મેળવવા માટે જે કોઈપણ ખર્ચો થાય તે તમામ અરજદારે ભોગવવો.

હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું. પાલનપુર.
તા. ૦૩/૦૪/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઇ પટેલ)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩